# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, સુરત

જિલ્લા સેવા સદન-૨,એ બ્લોક ત્રીજો માળ,અઠવાલાઈન્સ, સુરત

Phone No: (0261) 2662903, Fax No: 2662902, Email Id:*suratdeo@gmail.com*


ક્રમાંકઃS.S/RMSA/એક પેડ માં નામ/૨૦૨૫/૨૦૯૭૪-૭૬ તાઃ- ૧૦/૦૯/૨૦૨૫

પ્રતિ,

આચાર્યશ્રી

સરકારી,ગ્રાન્ટેડ,ખાનગી માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ,

સુરત, જિલ્લો /સુરત કોર્પોરેશન

આ સાથે સામેલ સચિવશ્રી, સ્ટેટ પ્રોજેક્ટ ઓફીસ સમગ્ર શિક્ષા ગાંધીનગરના પત્ર ક્રમાંક એસએસ/QE CELL/૧/૨૦૨૫/BY E-MAIL તારીખ-૦૬/૦૯/૨૦૨૫ ના પત્રની જાણ અને અમલ કરવા સારૂં.

જિલ્લા શિક્ષણાધિકારી,
સુરત, જિ. સુરત.

<u>સવિનય નકલ રવાના જાણ સારુઃ-</u>

(૧) પ્રતિ,સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી,સમગ્ર શિક્ષા, સમગ્ર શિક્ષાની કચેરી,સેક્ટર-૧૯, ગાંધીનગર

<u>નકલ રવાના જાણ અને કાર્યવાહી સારૂં :-</u>

(૧) પ્રતિશ્રી BRC / URC / BRP/ CRC તમામ, સુરત જિલ્લો/ સુરત કોર્પોરેશન.

ગુજરાત શાળા શિક્ષણ પરિષદ
સ્ટેટ પ્રોજેક્ટ કચેરી,
સમગ્ર શિક્ષા, સેક્ટર-૧૭,
ગાંધીનગર.
E-mail –qecell@gmail.com
ફોન નં-૦૭૯-૨૩૨૪૧૩૩

NIPUN BHARAT
પાયાની સાક્ષરતા અને અંક જ્ઞાન

समग्र शिक्षा
Samagra Shiksha

પત્રકમાંક-સમગ્ર શિક્ષા/ક્યુઈસેલ/૧/૨૦૨૫/ ૯૫ ગમવા
તા- ૦૬.૦૯.૨૦૨૫

પ્રતિશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
જિલ્લા: તમામ

પ્રતિશ્રી,
જિલ્લા પ્રોજેક્ટ કો-ઓર્ડીનેટરશ્રી અને
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા-તમામ
શાસનાધિકારીશ્રી- અમદાવાદ, રાજકોટ, સુરત, વડોદરા

વિષય-"એક પેડ માં નામ 2.0" તેમજ "*Swachh Evam Harit Vidyalaya* Rating (SHVR) 2025–26" કાર્યક્રમ અંતર્ગત શાળા કક્ષાએ ખાસ ઝુંબેશ હાથ ધરવા બાબત

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે ૫મી જૂન ૨૦૨૪ના રોજ વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી સંદર્ભે દેશના માનનીય વડાપ્રધાનશ્રી દ્વારા માતા પ્રત્યે પ્રેમ, આદર અને સન્માનના પ્રતિક સ્વરૂપે તેમજ પર્યાવરણ અને પ્રકૃતિની રક્ષા સાથે ગ્લોબલ વોર્મિંગના પડકારોનો સામનો કરવા માટે 'એક પેડ માં કે નામ' અભિયાન દેશભરમાં શરૂ કરાવ્યું.

ભારત સરકારના **શિક્ષા મંત્રાલયની 'એક પેડ માં કે નામ 2.0' કાર્યક્રમ** અંગેની સૂચના/માર્ગદર્શિકા મુજબ રાજ્યની તમામ પ્રાથમિક અને **માધ્યમિક** શાળાઓમાં તા-૦૫.૦૬.૨૦૨૫ થી 'એક પેડ માં કે નામ 2.0' કાર્યક્રમ અંતર્ગત શાળા કક્ષાએ વિવિધ પ્રકારના **કાર્યક્રમો**/ઝુંબેશ હાથ ધરવા માટે અત્રેની કચેરી દ્વારા પત્રથી જણાવવામાં આવેલ હતું. તેમજ ભારત સરકારના **શિક્ષા મંત્રાલય,** નવી દિલ્હી દ્વારા રાષ્ટ્રીય શિક્ષા નીતિ 2020ના પાંચ વર્ષની ઉજવણીના ભાગ રૂપે દેશની તમામ સરકારી, ગ્રાન્ટેડ, ખાનગી સહિત તમામ પ્રકારની શાળાઓ માટે **"*Swachh Evam Harit Vidyalaya* Rating (SHVR) 2025–26" કાર્યક્રમ** લોન્ચ કરવામાં આવેલ છે. **SHVR 2025–26** કાર્યક્રમમાં રાજ્યની તમામ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓને(સરકારી, ગ્રાન્ટેડ, ખાનગી તેમજ અન્ય) પોતાનું રજીસ્ટ્રેશન અને સ્વ-મૂલ્યાંકન કરવા માટે અત્રેથી પત્ર મારફત જણાવવામાં આવેલ હતું.

ઉક્ત બાબતે **'એક પેડ માં કે નામ 2.0'** તેમજ **SHVR 2025–26 કાર્યક્રમ** અંતર્ગત રાજ્યની તમામ શાળાઓ દ્વારા વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવા માટે તા-૦૮.૦૯.૨૦૨૫ થી તા-૧૩.૦૯.૨૦૨૫ દરમિયાન ખાસ ઝુંબેશનું આયોજન હાથ ધરવા આથી જણાવવામાં આવે છે.

ઉક્ત બાબત ધ્યાને લઇ આપના જિલ્લાની તમામ પ્રકારની પ્રાથમિક અને માધ્યમિક શાળાઓને (સરકારી, ગ્રાન્ટેડ, ખાનગી તેમજ અન્ય તમામ)ને આ સાપ્તાહિક ખાસ ઝુંબેશમાં જોડાવા માટે તેમજ શાળાઓ દ્વારા ખૂબ અસરકારક કામગીરી થાય તે માટે આપની કક્ષાએથી જાણ કરવા વિનંતી છે.

(શિલ્પા પટેલ)
સચિવ
સ્ટેટ પ્રોજેક્ટ ઓફીસ
સમગ્ર શિક્ષા, ગાંધીનગર

નકલ સવિનય રવાના:

- માન. એસ.પી.ડી.શ્રી, સદર કચેરી
- માન. એડી.એસ.પી.ડી.શ્રી, સદર કચેરી